# રામના પથ પર

કાગડો જાણતો હતો કે ભગવાન પધારી ચૂક્યા છે.

તે એ જાણતો હતો કે ભગવાન અગાઉ ક્યારે આવ્યા હતા; અને તે ફરી ક્યારે આવશે? કાક ભુશુંડીને તેનાં હજારો વર્ષો અને અનેક જન્મો સુધી એક વરદાન પ્રાપ્ત હતું, જેના ફળસ્વરૂપે તે ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળની વચ્ચે ભ્રમણ કરી શકતો હતો. રામના જીવનના જુદા જુદા તબક્કાઓ, રામના જન્મ પહેલાં અને તેમના જીવનપર્યંત પણ જોઈ શકતો હતો. રામ પ્રત્યેની તેની ભક્તિને લીધે, તે દરેક અવતારમાં પૃથ્વી પર રામ સાથે રહ્યો હતો અને આવનારા દરેક અવતારમાં રહેવાનો હતો.

ભુશુંડીએ તેના ગુરુ, ઋષિ લોમશનું અપમાન કર્યું હોવાથી શિવના શાપને કારણે તેને કાગડાનું રૂપ મળ્યું હતું. શિવે તેને હજાર જન્મો સુધી કાગડાના રૂપમાં રહેવાનો શાપ આપ્યો હતો, પરંતુ તે સાથે જ ભગવાન શિવ પાસેથી તેને દીર્ઘાયુનું વરદાન પણ મળ્યું હતું. તેનું નામ એક મહાન ઋષિ તરીકે પ્રસિદ્ધ થયું અને ભવિષ્યમાં ભગવાન વિષ્ણુ જ્યારે રામના રૂપમાં અવતરશે ત્યારે રામની સાથે ભુશુંડીનું નામ પણ લેવાવાનું હતું. ભુશુંડીએ સ્વયં ભગવાન શિવને રામકથા સંભળાવી હતી. એવું માનવામાં આવે છે કે રામના જન્મદિવસે અયોધ્યાની શેરીઓમાં શિવ અને ભુશુંડીએ નૃત્ય કર્યું હતું.

હવે આપણે તે વાનર વિશે વાત કરીએ, જે પોતે વાયુના પુત્ર છે. બાળપણમાં તેઓ આકાશમાં ઊડ્યા અને સૂર્યને ગળી ગયા હતા. તેઓ અપાર શક્તિ, તાકાત અને બૌદ્ધિક ક્ષમતાથી સમૃદ્ધ હતા. આવું હોવા છતાં, તેઓ એક નિરાશ્રિત રાજા સાથે કિષ્કિંધાનાં જંગલોમાં ગુનેગારની જેમ ભટકવા માટે લાચાર હતા. ભગવાન રામ પ્રત્યેની તેમની ભક્તિ તેમને અમર બનાવવાની હતી અને પૃથ્વી પર તેમનું નામ રામ સાથે હંમેશ માટે જોડાયેલું રહેવાનું હતું.

અમે રામના વનવાસના માર્ગ પર અમારી યાત્રાનો પ્રારંભ અયોધ્યાથી કરીએ છીએ. અમે અમારી શોધયાત્રા પહેલાં આશીર્વાદ મેળવવા માટે કાક ભુશુંડીને તો શોધી શકીએ તેમ નહોતા. તેઓ તો કાળના સીમાડા ઓળંગીને રામજન્મની પ્રતીક્ષામાં ક્યાંય વિચરતા હોઈ શકે, પરંતુ અમે વાનરના આશીર્વાદ તો લઈ જ શકતા હતા. તેઓ જ તો છે કે જે અયોધ્યાના સર્વોચ્ચ સ્થાન પર બિરાજમાન છે. રામની રાજધાની અયોધ્યાના લોકોની રક્ષા કરે છે અને રામને અનુસરનારાઓને આશીર્વાદ આપે છે.

જ્યારે નીચેથી જોવામાં આવે તો હનુમાનગઢી મંદિર કોઈ નાના કિલ્લાથી ઓછું નથી લાગતું. મંદિર તેના નામને સમર્થન આપતું હોય તેમ ખૂબ જ મજબૂત રીતે બાંધવામાં આવ્યું છે. તેના વિશાળ પ્રવેશદ્વાર અને મિનારા (બુર્જ) ચૌદ તોપો દ્વારા સુરક્ષિત છે. અમે 76 પગથિયાં ચઢીને એક દ્વાર પર પહોંચીએ છીએ, જ્યાંથી આખા અયોધ્યા શહેરનો નજારો દેખાય છે. આ સ્થાન તેમના રક્ષક-દેવ માટે યોગ્ય સ્થળ છે, જ્યાંથી તેઓ તેમના ઇષ્ટદેવ દ્વારા આપવામાં આવેલી જવાબદારી પૂરી કરે છે. મુખ્ય દરવાજેથી પસાર થઈને અમે થોડી ઊંચાઈ પર આવેલા બીજા દરવાજા પર પહોંચ્યા, જ્યાં સુધીનો રસ્તો ઉપરથી ઢંકાયેલો છે અને બંને બાજુએ ઓરડા છે, જેના દરવાજાઓ પર પૂજારીઓનાં નામ લખેલાં છે. આ બધા એવા લોકો છે જેમને મંદિરમાં પૂજા કરવાનો વારસાગત અધિકાર છે. છેવટે, બીજાં દસ પગથિયાં ચડ્યા પછી, રસ્તો એક ખુલ્લા પ્રાંગણમાં જાય છે, જેની મધ્યમાં હનુમાનજીનું મંદિર આવેલું છે.

મંદિર અમારી ધારણા કરતાં નાનું છે અને તેનું ચોરસ ગર્ભગૃહ ચારે બાજુથી લગભગ 20 ફૂટ લાંબું છે અને તેની આસપાસ પરસાળ છે.

આંગણાની ચારે બાજુ એક ઊંચો અને ઢંકાયેલો ઓટલો બનાવવામાં આવ્યો છે અને એક જગ્યાએ તેને એક મોટી ખુરશી જેવો આકાર આપવામાં આવ્યો છે, જેના પર રેશમી ગાદી પથરાયેલી છે. અમને કહેવામાં આવ્યું કે તે સિંહાસન મુખ્ય મહંત બાબા પ્રેમદાસનું છે.

આ મંદિરમાં હનુમાનજીનું નિરૂપણ ખૂબ જ અનોખું છે. અહીં ન તો તેમના હાથમાં ગદા છે કે ન તો સંજીવની પર્વત; તે ન તો ગુસ્સે દેખાય છે અને ન તો છાતી ફાડીને રામ પ્રત્યેની તેમની ભક્તિનો પુરાવો આપી રહ્યા છે. અહીં તો તેઓ શાંત, સૌમ્ય અને નિર્મળ છે. આ મૂર્તિ પણ અન્ય મંદિરોની મૂર્તિઓ જેટલી વિશાળ નથી. હનુમાનગઢીમાં હનુમાનજી સિંહાસન પર બિરાજમાન છે; જે અયોધ્યાના રક્ષક દેવતાના તેમના ચિત્રણ માટે ખૂબ જ યોગ્ય છે! ગર્ભગૃહની આસપાસ રાબેતા મુજબની અવર-જવર થઈ રહી છે અને ત્યાં ઘણા પોલીસકર્મીઓ જોવા મળે છે. તે પણ મંદિરની પવિત્રતાને માન આપીને ખુલ્લા પગે પોતાની ફરજ બજાવી રહ્યા છે.

બાબા પ્રેમદાસ વિશે પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે તેઓ ભોજન કરવા માટે ગયા હતા. જ્યારે અમે તેમને સંદેશો મોકલવ્યો ત્યારે અમને તેમના રૂમમાં આવવાનું આમંત્રણ આપ્યું. જ્યારે અમે તેમને પ્રણામ કરી અને અમારા લક્ષ્ય વિશે જણાવ્યું, ત્યારે તેમણે અમને આશીર્વાદ આપ્યા અને અમને બેસવા માટે કહ્યું. તેઓ એક સાદા અને સરળ, થોડા સ્થૂળ વ્યક્તિ છે. તેમના રૂમમાં એક જ નાની બારી છે જેમાંથી મંદ પ્રકાશ આવી રહ્યો છે. અમે તેમના પગને સ્પર્શ કર્યો અને તેમની સામે જમીન પર બેસી ગયા.

'શું તમને ખબર છે કે આ મંદિર કોણે બંધાવ્યું?' તેમણે પ્રશ્ન પૂછ્યો અને પોતે જ જવાબ આપવા લાગ્યા. 'એક મુસ્લિમ શાસકે. તેણે માત્ર કિલ્લો બનાવ્યો જ નહીં, પરંતુ મંદિરને કોઈ પણ પ્રકારના ટોલ અથવા ટેક્સથી મુક્ત રાખ્યું અને આદેશ બહાર પાડ્યો કે કોઈ પણ વ્યક્તિ મંદિર વિરુદ્ધ મુકદ્દમો કરી શકશે નહીં.' અમારા ચહેરા પર અવિશ્વાસના ભાવ જોઈને તેમણે મંદિરની વાર્તા કહીઃ

> 'નવાબે બધી આશા ગુમાવી દીધી હતી! અવધના બીજા નવાબ અબ્દુલ મન્સૂર ખાન સફદરજંગે તેમના પુત્રના કોઢની સારવાર

માટે દરેક દવા અને નુસખા અજમાવ્યા, પરંતુ કશું અસરકારક નીવડ્યું નહીં. હકીમ, વૈદ્ય અને સ્થાનિક અંગ્રેજ ડૉક્ટરો પણ તેની સારવાર કરવામાં નિષ્ફળ ગયા.

તેમના હિંદુ વજીરે સલાહ આપી, "સાહેબ, આપણે શાહજાદા સાહેબબહાદુરને અયોધ્યાના મંદિરમાં લઈ જવા જોઈએ. સાંભળ્યું છે કે ભગવાન ચમત્કાર કરી શકે છે."

તે સમયે, હનુમાનગઢી મંદિર એક ટેકરા પર સ્થાપિત મૂર્તિ સિવાય બીજું કંઈ નહોતું. બધા પ્રયાસ કર્યા પછી, નવાબે અનિચ્છાએ સંમતિ આપી. નવાબ મંદિરે પહોંચ્યા ત્યારે મહંત અભયદાસે તેમને પૂછ્યું, 'તમે અહીં કેમ આવ્યા છો?'

'કંઈ જ કારગત ના નીવડ્યું, એટલે હું અહીં આવ્યો છું. મારો એકમાત્ર દીકરો...' નવાબે ધ્રૂજતા અવાજે પોતાના દીકરા તરફ ઇશારો કરતાં કહ્યું.

'બસ આટલી જ વાત છે?' મહંત અભયદાસે તેમને આશ્વાસન આપ્યું અને મંદિરમાંથી થોડી ભભૂતી લાવીને શાહજાદાના આખા શરીર પર લગાવી દીધી. શાહજાદાની બીમારી પળવારમાં દૂર થઈ ગઈ. નવાબ ખુશ થઈ ગયા અને મહંત અભયદાસને કંઈ પણ માગણી દર્શાવવા કહ્યું.

મહંત ભાવુક થઈને બોલ્યા - 'હું તો પહેલેથી જ એવા અધિપતિનો સેવક છું, જે મને વગર માગ્યે ત્રણ લોક આપી શકે છે.' પછી કહ્યું, 'તમે મને એવું શું આપી શકો કે જે તે ના આપી શકે?' જોકે નવાબના ખૂબ આગ્રહ પછી મહંતે તેમને હનુમાનજી માટે ગઢી બનાવવાનું કહ્યું.

'મંદિરનું નિર્માણકાર્ય 1797માં નવાબ અબ્દુલ મન્સૂર ખાન સફદરજંગના પૌત્ર અસફ-ઉદ-દૌલાના શાસનકાળમાં પૂર્ણ થયું હતું.' મહંતે કથાનું સમાપન કરતાં જણાવ્યું.

અમે તેમને પૂછ્યું કે શું રામાયણનું પઠન સૌથી પ્રથમ કાક ભુશુંડીએ કર્યું હતું?

તેઓ હસ્યા અને કહ્યું, ‘વાલ્મીકિ રામાયણમાં કાક ભુશુંડીનો ઉલ્લેખ નથી, પણ તુલસીદાસે તેને ખૂબ જ મહત્ત્વની ભૂમિકા આપી છે. અધ્યાત્મ રામાયણમાં આ કથા ભગવાન શિવ સૌથી પહેલાં પાર્વતીને સંભળાવે છે અને કહે છે કે, તેમને રામાયણ કાક ભુશુંડીએ સંભળાવી હતી. કેટલાક લોકો માને છે કે કાક ભુશુંડી દ્વારા ગરુડને વર્ણવેલ રામાયણ એ પ્રથમ રામાયણ છે. તે પછી અધ્યાત્મરામાયણ આવ્યું, પરંતુ આ બંને રામાયણ શ્રી રામના જન્મ પહેલાંની છે. વાલ્મીકિ રામાયણ એ વાર્તા પર આધારિત છે જે લાંબા સમય પછી નારદ દ્વારા વાલ્મીકિને સંભળાવવામાં આવી હતી, કારણ કે વાલ્મીકિ શ્રી રામના સમકાલીન હતા.

‘પણ શું આ કોઈ મુદ્દો છે? શું એનાથી કશો ફેર પડે છે કે પ્રભુની ગાથા અનેક વખત, વિભિન્ન ભાષાઓમાં જુદી જુદી રીતે કહેવામાં આવી છે? કારણ કે, આવું હોવા છતાં પણ રામાયણનો સાર શાશ્વત્ છે.

ત્યારે તેમણે અમને જણાવ્યું કે, “તમે તમારી શોધયાત્રામાં રામાયણનાં અનેક સંસ્કરણો સાંભળશો અને રામના જીવનના વિવિધ સમયગાળાને સંલગ્ન મંદિરોની મુલાકાત લેશો. તેમની મૂર્તિઓ અલગ હશે - અયોધ્યામાં બાળસ્વરૂપમાં રામલલા, તેમ જ રાજાના રૂપમાં તો ચિત્રકૂટ અને દંડકારણ્યમાં વનવાસી તરીકે; હમ્પીમાં તેમની પત્ની સીતાની શોધમાં વિચલિત, વિરહથી વ્યાકુળ સ્વરૂપમાં, અને તે પછી કોદંડધારી અથવા ધનુર્ધરના રૂપે... જોકે આવાં કેટલાંય સ્વરૂપોમાં તેમનું મૂળ તત્ત્વ એક જ છે.”

વધુમાં તેમણે કહ્યું, “જતી વખતે પાછળની બાજુએ બનેલી મસ્જિદ જરૂરથી જોજો. તે હંમેશાં આ મંદિરનો એક ભાગ રહી છે. જ્યારે તેની છત તૂટી પડી ત્યારે અમે મંદિરના ભંડોળથી તેનું સમારકામ કરાવ્યું અને અમારા મુસ્લિમ ભાઈઓ માટે તેને ખોલી દીધું.”

બહાર નીકળતી વખતે અમારા મનમાં એક પ્રશ્ન ઊભો થયો કે અહીંથી અમે રામના માર્ગની અમારી યાત્રામાં શું લઈ જઈ રહ્યા છીએ - પંડિતજીનો વિવેક, તેમની સહિષ્ણુતા કે તેમની ઉદારતા?

અમે અહીં રામની જન્મભૂમિ જોવા આવ્યા છીએ. અમે સવારે 6 વાગ્યે મંદિર પરિસરના દ્વાર પર પહોંચ્યા અને અમારી અપેક્ષા કરતાં ઓછી ભીડ જોઈને અમને આનંદ થયો. અમે તો લાંબી કતારની કલ્પના કરી રહ્યા હતા. મંદિરનો મુખ્ય દરવાજો લગભગ સૂમસામ છે. મંદિરમાં પ્રસાદ વેચતા દુકાનદારોની અવરજવર છે અને તે અમારી ચીજવસ્તુઓ સાચવવાનું વચન આપે છે. અમે તેમાંથી મોટા ભાગનાને અવગણીને આગળ વધીએ છીએ, પરંતુ એક દુકાનદાર અમને એક બાજુના નાના મંદિરમાં લઈ જાય છે અને દાવો કરે છે કે આ મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર છે. તે મંદિર ખૂબ જ ખરાબ હાલતમાં છે અને લાગે છે કે તેની જાળવણી કરવામાં આવતી નથી. તે અમને કહે છે કે રાજા દશરથ આ મંદિરમાં પૂજા કરતા હતા. આમ કહીને તેણે અમારી પાસેથી દક્ષિણા માગી. અમને તરત સમજાઈ ગયું કે અમારી સાથે ઠગાઈ થઈ અને અમે મુખ્ય પ્રવેશદ્વાર પરના સુરક્ષા તપાસકક્ષ તરફ ચાલવા માંડ્યા. સઘન સુરક્ષા તપાસમાંથી પસાર થઈ અને ઍસ્બેસ્ટોસ બોર્ડથી ઢંકાયેલા વૉક-વેમાંથી પસાર થયા પછી, અમે બીજી ચેકપોસ્ટ પર આવ્યા. રસ્તાની બાજુમાં એક લાંબી જૂની દીવાલ છે જે દર્શાવે છે કે આ મંદિર સંકુલ એક સમયે કેટલું વિશાળ હતું, પરંતુ અત્યારે એક પણ મકાન કે બાંધકામ દેખાતું નથી.

સુરક્ષાકર્મીઓ તો અમને તપાસે જ છે, સાથે સાથે ત્યાંના વાનરો પણ અમારી તપાસ કરે છે, જેમની સંખ્યા પોલીસ કરતાં ત્રણ ગણી વધારે છે. તેઓને માણસોનો જરાય ડર નથી અને નિર્ભયતાથી તેઓ અમારાં ખિસ્સાંમાં હાથ નાખે છે. પોલીસકર્મીઓ અમને સલાહ આપે છે કે અમે અમારા હાથ અમારા શરીરથી દૂર રાખીએ અને અમારી હથેળીઓ ખુલ્લી રાખીએ, જેથી વાનરોને સમજાઈ જાય કે અમારી પાસે તેમના માટે કંઈ પણ નથી. તેમ છતાં, વાનરો અમારાં ખિસ્સાંમાં હાથ નાખે છે અને તેમને કંઈ ન મળતા શાંતિથી ચાલ્યા જાય છે. વાનરોને તો ડર નહોતો લાગતો, પણ અમે ડરીને શ્વાસ રોકીને ઊભા હતા. અમારી હાલત જોઈને સુરક્ષાકર્મીઓ જોર જોરથી હસવા લાગ્યા અને ત્યાં હાજર લોકોમાંથી કોઈએ પણ વાનરોને ભગાડવાનો પણ પ્રયાસ ન કર્યો.

અનેક અવરોધો પાર કરીને અમે રામજન્મભૂમિ પર પહોંચીએ છીએ, જ્યાં રામલલાની મૂર્તિ સ્થાપિત છે. અસ્થાયી છતથી ઢંકાયેલી મૂર્તિઓનું

દૃશ્ય જરાય સુંદર નથી. જાળીદાર પટ્ટીઓ અમને મૂર્તિથી લગભગ 10 ફૂટ દૂર જ રોકી દે છે. ત્યાં સ્થાપિત શ્રી રામની મૂર્તિ તેમના બાળસ્વરૂપમાં છે. ભીડ ઓછી હોવાથી અમને ત્યાં થોડી વાર ઊભા રહીને શાંતિથી પ્રાર્થના કરવાનો મોકો મળ્યો.

તે દિવસના મુખ્ય પૂજારી પંડિત ધર્મદાસે અમને કહ્યું, 'તમે ભાગ્યશાળી છો, નહીંતર અહીં રોજ એટલી ભીડ હોય છે કે તમારે ચાલતાં જ રહેવું પડે, અને રામલલાની માત્ર એક ઝલક જ જોવા મળે.'

અમે એ જ માર્ગે મંદિર પરિસરમાંથી બહાર આવ્યા અને ત્યાં પહોંચ્યા જ્યાં અમારી સુરક્ષા તપાસ થઈ હતી. જન્મભૂમિ પરિસર ઘણું મોટું છે, પરંતુ કમનસીબે હજુ સુધી તે જગ્યા ક્યાંયથી અદ્‌ભુત કહી શકાય તેવી નથી.

અમે રસ્તા પર આવ્યા અને એક નાનકડી દુકાન પર ચા પીવા રોકાયા, જ્યાં અમને ખૂબ જ નાની કુલડીમાં ચા આપવામાં આવી. સવારની ચાની તલપ સંતોષવા અમારે ત્રણ-ચાર કુલડી ચા પીવી પડી!

રામજન્મભૂમિ પરિસરમાંથી બહાર નીકળતાં જ અમારા ડ્રાઇવરે અમને કહ્યું કે 'અયોધ્યામાં 6987 મંદિરો અને 356 તળાવ છે. અયોધ્યામાં તમે જ્યાં પણ જશો ત્યાં તમને શ્રી રામ કે હનુમાનજીનું જ નામ સાંભળવા મળશે. રામનામ અહીં સર્વવ્યાપી છે! જોકે એમાં કોઈ આશ્ચર્ય નથી કે અમારા ડ્રાઇવરનું નામ પણ રામજી તિવારી છે! સવારથી અમે ઘણું ચાલ્યા હતા અને અમને થાક અને ભૂખ પણ લાગી હતી. એક ઈ-રિક્ષા ડ્રાઇવર અમને તાજેતરમાં શરૂ થયેલા ભોજનાલય 'ગવ્યામૃત'માં લઈ જવા તૈયાર થયો. હવે 'ગવ્યામૃત' દૂધથી લઈને ગૌમૂત્ર સુધી કંઈ પણ હોઈ શકે છે! અમે થોડા ખચકાટ સાથે રેસ્ટોરાંમાં પ્રવેશ્યા, પરંતુ ગરમાગરમ છોલેપૂરી અને સ્વાદિષ્ટ લસ્સીએ અમારું દિલ જીતી લીધું. અને સૌથી મહત્ત્વની વાત એ કે - અમારે તે અદ્‌ભુત ભોજન માટે પ્લેટદીઠ માત્ર 30 રૂપિયા ચૂકવવા પડ્યા!

સંતુષ્ટ અને ઉત્સાહિત થઈને અમે નજીકમાં આવેલા કનકમહેલ તરફ જવા નીકળ્યા. આ એક ખૂબ જ મોટું મંદિર સંકુલ છે, જે મહેલ જેવું બનેલું છે. એવું માનવામાં આવે છે કે આ મહેલ કૈકેયી દ્વારા સીતાનાં લગ્ન પર ભેટમાં આપવામાં આવ્યો હતો.

'સીતા સાથેનાં લગ્ન પછી તરત જ રામ વનવાસ પર જતા રહ્યા હતા, ખરુંને?' અમે ત્યાંના પૂજારી રામસેવક દાસને પૂછ્યું. પૂજારીએ માથું હલાવતાં કહ્યું, 'ના. એ તો ઘણા સમય પછી બન્યું હતું. વનવાસ જતાં પહેલા શ્રી રામ અને સીતામાતા અહીં બાર વર્ષ રહ્યાં હતાં.'

'એક સમયે કનકમહેલ અયોધ્યાનું કેન્દ્રબિંદુ હતો. આ શહેર સુઆયોજિત ચોક અને ગલીઓથી બનેલું હતું, દરેક ચોકને તેનો પોતાનો દરવાજો હતો. દરેક ચોકમાંથી શેરીઓ નીકળી અને વચ્ચોવચ બનેલા બગીચામાં મળતી હતી.' પૂજારી ગર્વથી બોલ્યા.

'હું સાધુઓના રસિક સંપ્રદાયમાંથી આવું છું જેમને અહીં પૂજા કરવાનો અધિકાર છે,' તેમણે આગળ વાત કરતાં જણાવ્યું. 'આ બગીચામાં રત્નજડિત સિંહાસન હતું, જેના પર શ્રી રામ અને સીતાજી આરામ કરતાં હતાં. અમે અમારી જાતને તે નવવિવાહિત દંપતીના સેવક તરીકે જોઈએ છીએ અને અમારું સ્વપ્ન એ જ છે કે કોઈ એક રાત્રે અમે શ્રી રામ અને સીતાજીનાં દર્શન કરી શકીએ. અમારા ગુરુઓએ આ સૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે, પણ કદાચ પ્રભુનાં દર્શન મેળવવા માટે જરૂરી પવિત્રતા અમારી પાસે હજુ નથી.' તેમણે નિસાસો નાખીને કહ્યું.

કનકમહેલ ખૂબ જ સ્વચ્છ અને સુંદર છે. મંદિરની સામે આવેલું પ્રાંગણ આરસનું બનેલું છે અને સંકુલમાં કેટલીક જગ્યાએ સુંદર ટાઇલ્સ લગાવવામાં આવી છે અને ઘણી જગ્યાએ રંગરોગાન કરવામાં આવ્યું છે. અમે રામસેવક દાસને મંદિર પરિસર વિશે પૂછ્યું.

'આ મહેલનો જીર્ણોદ્ધાર કરાવનાર મહારાજાઓની યાદી ઘણી લાંબી છે, જેમાં શ્રી રામ અને સીતાજીના પુત્ર કુશ અને મહારાજ વિક્રમાદિત્યના નામનો પણ સમાવેશ થાય છે. 1948માં ઓરછાની મહારાણીએ તેનું સમારકામ કરાવ્યું હતું. અત્યારે પણ ઓરછાનો રાજવી પરિવાર આ મંદિરની જાળવણી કરે છે.' પૂજારી આગળ કહે છે, 'આ મંદિરમાં દૈવી-દંપતીની પૂજા કરવા માટે તમારે ફક્ત શુદ્ધ હૃદયની જરૂર છે; એ જ રીતે કે બાલ-મુનિ પ્રજ્ઞા દાસનું હતું. એમ કહીને તેઓ એક વાર્તા કહે છે.

પ્રજ્ઞા દાસને તેમના મિત્રે કહ્યું કે, 'મારી બહેન શ્રાવણ મહિનામાં આપણી સાથે રહેવા આવી છે.' બીજા મિત્રે કહ્યું, 'મારી પણ', અને બધા મિત્રો પ્રજ્ઞા દાસને ટોણા મારતાં હસવા લાગ્યા, કારણ કે પ્રજ્ઞા દાસની કોઈ બહેન નહોતી.

'તમે કેટલા કમનસીબ છો,' એક મિત્રે ખોટી સહાનુભૂતિ સાથે કહ્યું, 'તમારી તો કોઈ બહેન જ નથી.' ત્યારે તે દુઃખી અને વ્યથિત બાળક પોતાની વિધવા માતા પાસે દોડી ગયો અને માતાને પૂછ્યું કે તેની કોઈ બહેન કેમ નથી.'

'ઓહ, પણ તારી તો એક બહેન છે!' માતાએ આશ્વાસન આપતાં કહ્યું. 'તેનું નામ જાનકી છે અને તેનાં લગ્ન અયોધ્યાના રાજા રામચંદ્ર સાથે થયાં છે. જો તે તેની રાજકીય ફરજોમાં વ્યસ્ત ન હોત, તો તે ચોક્કસપણે તને મળવા આવી હોત.'

પ્રજ્ઞા દાસે તેની બહેનને મળવાનું નક્કી કરી લીધું અને અયોધ્યા તરફ ચાલી નીકળ્યો. ત્યાં તેણે આખા શહેરમાં તેની બહેન અને રાજા રામચંદ્ર વિશે પૂછપરછ શરૂ કરી, પરંતુ જવાબમાં તેને માત્ર મશ્કરી જ સાંભળવા મળી હતી. ભૂખ અને થાકથી કંટાળીને તે એક ઝાડ નીચે સૂઈ ગયો. ઊંઘમાં પણ તેના ઊંહકાર નીકળવા લાગ્યા. પોતાના હૃદયમાં પ્રજ્ઞા દાસનો કર્કશ અવાજ સાંભળીને, શ્રી રામ અને સીતાજી કનકમહેલના મંદિરમાં પ્રગટ થયાં અને તે બાળકને મળવા ગયાં જેઓ પછીથી ઇતિહાસના મહાન સંતોમાંના એક તરીકે પ્રખ્યાત થયા.

શ્રી રામની સવારીના હાથીઓના ગળામાં બાંધેલી ઘંટડીના અવાજથી પ્રજ્ઞા દાસ જાગી ગયા. પ્રજ્ઞા દાસ ઊભા થયા અને હિંમતભેર પેલા રાજવી વસ્ત્રો પહેરેલા માણસને પૂછ્યું કે રામચંદ્રજી ક્યાં મળશે?

'હું જ રામચંદ્ર છું,' તેમણે જવાબ આપ્યો, 'અને આ તારી બહેન જાનકી છે.' શ્રી રામે સોનાની પાલખીમાં બેઠેલાં સીતાજી તરફ ઇશારો કરતાં કહ્યું.

'તે મારી બહેન ન હોઈ શકે,' પ્રજ્ઞા દાસે કહ્યું. 'ભાઈને પહેલી વાર જોયા પછી પણ કઈ બહેન પાલખીમાં જ બેઠી રહે? જો તે મારી બહેન હોત, તો તે મારી પાસે દોડી આવી હોત અને તેનાં આંસુથી મારા પગ ધોઈ નાખત.'

સીતાજી હવે પોતાના પર કાબૂ રાખી શક્યાં નહીં અને પાલખીમાંથી નીચે ઊતરીને પ્રજ્ઞા દાસના પગે પડી ગયાં. આ જ કારણોસર, પ્રજ્ઞા દાસ શ્રી રામના મહાન ભક્તોમાંના એક માનવામાં આવે છે અને તેમનું નામ અમર છે.

કનકમહેલમાંથી બહાર નીકળતી વખતે અમારા મનમાં એક શંકા જાગી કે શું અમારું હૃદય પણ સોના જેવું શુદ્ધ છે કે જેથી અમે પણ રામનાં દર્શન કરી શકીએ? અમારા અત્યાર સુધીના સંશોધનની મર્યાદાઓ અને ખામીઓને સમજીને, અમે અમારી યાત્રા શરૂ કરવા ઉત્સુક હતા, પરંતુ તેના માટે અમારે અમારી યાત્રા તે સ્થાનથી શરૂ કરવી પડશે જ્યાં રામે 14 વર્ષનો વનવાસ શરૂ કર્યો હતો.

# વનવાસ

અમે ચકિયા પૂર્વ ગામની શોધમાં નીકળ્યા છીએ, પણ કોઈને ખબર નથી તે ક્યાં છે. આ એ જ જગ્યા છે જ્યાં રામ, સીતા અને લક્ષ્મણ વનવાસની પહેલી રાત રોકાયાં હતાં. શોધતાં-શોધતાં અમે તે જગ્યાએ પહોંચ્યા અને પૂછપરછ કરતાં અમને ખબર પડી કે અમારે ગૌરાઘાટ કહેવો જોઈતો હતો, કારણ કે આ સ્થળ એ જ નામથી જાણીતું છે.

ગામડામાં અમને ત્યાં જવાનો રસ્તો બતાવવામાં આવે છે, જ્યાં રામે વનવાસની પહેલી રાત વિતાવી હતી, છતાંય અમે રસ્તો ભટકી ગયા, કારણ કે ક્યાંય પણ કોઈ પાટિયું કે સાઇન બોર્ડ નથી. અમે બે વાર તે વળાંક ચૂકી ગયા, કારણ કે રામકથાના આટલા મહત્ત્વપૂર્ણ સ્થળનું કોઈ પણ બોર્ડ ત્યાં નથી. અંતે અમે નદીના કિનારે આવેલા તે સ્થળ પર પહોંચી જ ગયા. અમે જે સ્થળે ઊભા છીએ ત્યાંથી કેટલાંક પગથિયાંઓ નીચેની તરફ જાય છે, જ્યાં એક સમયે તમસા નદી હતી. આ સમયે તો તે કોઈ નાળા જેવી જ લાગે છે. ત્યાં અમને માર્ગદર્શન આપવાવાળું કે તે સ્થળ વિશે કંઈ જણાવી શકે તેવું કોઈ નથી. તે જગ્યાએ કોઈ બોર્ડ કે તકતી નથી કે જેનાથી અમને કશી માહિતી મળી શકે. નદી તરફ જતાં પગથિયાં પણ તૂટી ગયાં છે. અમને વિશ્વાસ જ નથી થતો કે આવી જગ્યા, જે રામની જીવનયાત્રાનો આટલો મહત્ત્વપૂર્ણ ભાગ છે, તેની જાળવણી જરાય કરવામાં આવી રહી નથી.

તમસા નદી આંબાવાડિયાંઓમાંથી પસાર થતી શાંતિથી વહી રહી છે. દૂર ક્યાંક ચાલતા ડીઝલ પંપનો અવાજ અને ત્યાંથી પસાર થતા એકાદ ટ્રેક્ટર જ અમને આધુનિક સભ્યતાની ઝલક દેખાડે છે. એવું લાગે છે કે જાણે આ દશ્ય ઇતિહાસનાં પાનાંઓમાંથી એકાએક ઊભરી આવ્યું હોય. નજીકમાં જ ઊભેલું વિશાળ વટવૃક્ષ અને તેની નીચે બેઠેલા પરિચિત સાધુ પણ અંદાજે સો વર્ષ જૂના લાગે છે અને જાણે એવું લાગે છે કે રામે તે સ્થળે કરેલા વિરામની કથા સંભળાવવાની રાહ તેઓ જોઈ રહ્યા છે.

સાધુ અમારી સાથે વાત કરવામાં સંકોચ અનુભવે છે અને ઊંડા ધ્યાનમાં હોવાનો ડોળ કરે છે. તેઓ જાણતા નથી કે અમે થોડી વાર પહેલાં જ તેમને ચલમ ફૂંકતા જોયા હતા! ઝાડ પાસે એક ઓટલા પર બનેલું નાનું મંદિર બંધ છે. ઓટલો લગભગ 50 ફૂટ લાંબો અને 3-4 ફૂટ ઊંચો છે, પણ મંદિર એક નાનકડા આંગણા જેવું છે, જેમાં માત્ર રામ, સીતા અને લક્ષ્મણની મૂર્તિઓ માટે જગ્યા છે. અમને જોતાંની સાથે જ ધોતી અને ગંજી પહેરેલો એક દૂબળો-પાતળો યુવાન દોડીને મંદિરનો દરવાજો ખોલે છે. પોતાનો પરિચય આપતાં તે કહે છે કે તેનું નામ રમાકાંત છે અને તે ત્યાંનો પૂજારી છે. અમે તેને જેવી કેટલીક કડકડતી નોટ આપીએ છીએ, તે ઉત્સાહપૂર્વક અમને અયોધ્યાથી નીકળ્યા તે પછીની રામની પ્રથમ રાત્રિ વિશે જણાવે છે,

> ‘ભગવાન રામ જ્યારે સવારે જાગ્યા ત્યારે તેમની આંખો સમક્ષ એક અદ્ભુત દશ્ય હતું. તેમની સામે હજારો લોકોની ભીડ એકઠી થઈ હતી. પુરુષો, સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો તેમના રથને અનુસરતાં અનુસરતાં અયોધ્યા શહેરની બહાર સુધી આવી ગયાં હતાં. શ્રી રામ અને લક્ષ્મણજીની વિનંતીઓ પછી પણ તેઓ પાછા જવા તૈયાર નહોતા. ઘરે પાછા જવાને બદલે તેઓએ ઝાડ નીચે અથવા પથ્થરો પર બેસીને, એકબીજાના ટેકે રાત વિતાવી. જ્યારે શ્રી રામ જાગ્યા ત્યારે બધા ગાઢ ઊંઘમાં હતા.
>
> ‘આ લોકોએ જમીન પર સૂવાની ના પાડી દીધી. તેઓ એ ધરતી પર કેવી રીતે બેસી શકે જ્યાં તમે પણ બેઠેલા હો? જો તેમણે આવું કર્યું હોત તો તેનો અર્થ એ થાય કે તેઓ પોતાને તમારી સમકક્ષ માને છે.’ લક્ષ્મણજીએ તેમના ભાઈને સમજાવતાં કહ્યું.

શ્રી રામ જાણતા હતા કે લોકોને સમજાવવા અશક્ય છે, તેથી જ તેમણે તેમનાથી બચીને નીકળવાનું નક્કી કર્યું.

‘કાકા, ઘોડાઓ તૈયાર કરો,’ શ્રી રામે સુમંતને કહ્યું. તેઓ એ મંત્રી હતા કે જેમને દશરથે રામની સાથે વનમાં મોકલ્યા હતા.

‘ચાલો આગળના ગામની તરફ જઈએ અને પૈડાંનાં નિશાન એવાં હોવાં જોઈએ કે લોકો સમજી ન શકે કે આપણે કઈ દિશામાં ગયા છીએ. તેઓ જાગે તે પહેલાં આપણે અહીંથી નીકળી જવું પડશે.’

પોતાના પ્રિય અયોધ્યાવાસીઓને મૌન વિદાય આપ્યા પછી, શ્રી રામ, સીતાજી અને લક્ષ્મણજી વિદાય થયાં, પરંતુ શ્રી રામે પોતાના પિતાને આપેલું વચન પાળવાનું હતું, અને તેઓ તેમની પ્રજા માટેના તેમના પ્રેમને વચનને આડે આવવા દેવાના નહોતા.

‘અને તેથી જ આ ગામનું નામ ચકિયા પૂર્વ રાખવામાં આવ્યું.’ રમાકાંત આગળ કહે છે, ‘કારણ કે આ સ્થાન પર શ્રી રામે લોકોને છેતર્યા હતા, ગેરમાર્ગે દોર્યા હતા અને આ ગામ પૂર્વ દિશામાં હતું, તેથી તેનું નામ ચકિયા પૂર્વ રાખવામાં આવ્યું હતું.’

‘તો પછી અયોધ્યાવાસીઓનું શું થયું?’ અમે પૂછ્યું.

‘લોકોએ તેમના રાજાને બધે શોધ્યા, પણ તે મળ્યા નહીં. દરેક જણ આગળના ગામમાં ગયા અને ત્યાં ઘણા દિવસો સુધી રહ્યા અને ખૂબ રડ્યા. પછી હારીને બધા અયોધ્યા પાછા ફર્યા. એક ગામમાં ‘ટાહડીહ’ નામનું મંદિર છે, જેનું નામ ‘દહાડી’ શબ્દ પરથી પડ્યું છે, કારણ કે અહીં લોકો ‘ગર્જના (દહાડ) કરીને’ ભગવાન માટે રડ્યા હતા.

અમે ‘ટાહડીહ’ મંદિરની શોધમાં ગામડે ગામડે ભટકી રહ્યા છીએ. પહેલાં તો અમે મંદિરનું નામ જણાવીને રસ્તા વિશે પૂછ્યું પણ કોઈને તેની ખબર ન પડી. આખરે, અમને રસ્તામાં ગૌશાળાની નજીક એક મહિલા મળી જે તેની વામકુક્ષિમાંથી જાગી ગઈ હતી અને અમને ‘કમરીહાબાબા’ના આશ્રમમાં

પૂછપરછ કરવાનું કહ્યું. કમરીહાબાબાનું નામ લેતાં જ અમને ત્યાં પહોંચવાનો સ્પષ્ટ નિર્દેશ મળ્યો. તે સ્થળે પહોંચીને અમને ખબર પડે છે કે આશ્રમ જ ટાહડીહ મંદિર છે. આ એક નાનું, સાવ સાધારણ, બે ખંડવાળું ગ્રામીણ મંદિર છે, જેમાં રામની કેટલીક મૂર્તિઓ અને કમરીહાબાબાની પ્રતિમા છે. મંદિરની હાલત ખૂબ જ જીર્ણ છે.

કમરીહાબાબા વર્ષો પહેલાં મૃત્યુ પામ્યા હતા અને અહીંના વર્તમાન પૂજારી બાબા છોટાલાલ દાસ અમને કારમાંથી નીચે ઊતરતા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. સામાન્ય રીતે મંદિરમાં માત્ર એકાદ ગ્રામજન જ આવે છે. તેઓ દૂરના એક ખેતર તરફ ઇશારો કરીને કહે છે, 'ત્યાં એક જમીનનો ટુકડો છે જેનું નામ રામ-ચૌરા છે. આજે પણ માનવામાં આવે છે કે તે પ્રભુ રામની જમીન છે. જ્યારે કમરીહાબાબા જીવતા હતા ત્યારે તે જમીન ખૂબ જ મોટી હતી, પણ હવે અહીંના સ્થાનિક લોકોએ તે જમીનના ઘણાખરા ભાગ પર કબજો જમાવી લીધો છે.

મંદિર નિર્જન છે અને ત્યાં અમારા સિવાય અન્ય કોઈ દર્શનાર્થી નથી. કેટલાંક બાળકો અમને જોઈને કુતૂહલવશ અમારી પાસે આવીને ઊભાં રહી ગયાં, જ્યારે કેટલાક વડીલો બેસીને વાતો કરી રહ્યા છે. અમે તેમને શ્રૃંગવેરપુર વિશે પૂછ્યું, જ્યાં રામ તમસા નદી અને ગંગાને પણ પાર કરીને પહોંચ્યા હતા, અને તેમણે તપસ્વીઓનાં ભગવાં વસ્ત્રો પહેર્યાં હતાં. તેમણે અમને જણાવ્યું કે અમારે એ જ રસ્તા પર પાછા ફરવું પડશે જ્યાંથી અમે આવ્યા હતા, કારણ કે મંદિર પાસે બનેલો પુલ વરસાદમાં ધોવાઈ ગયો હતો અને તેથી જ અમે ટૂંકા રસ્તે થઈને જઈ નહીં શકીએ.

અમારા ડ્રાઇવરને જેવી ખબર પડી કે અમારે કાદવવાળા (કાચા) ઊબડખાબડ રસ્તા પર પાછા જવું પડશે, તો તેનો ચહેરો નિસ્તેજ થઈ ગયો. કારમાં બેસીને અમે બધા પુસ્તકોમાં માથાં નાખીને વાંચવાનો ડોળ કરવા લાગ્યા અને જ્યારે પણ ખરાબ રસ્તાને કારણે કારને ધક્કો લાગતો ત્યારે અમે ડ્રાઇવરથી આંખો છુપાવી લેતા. અડધો કલાક એ કાચા રસ્તા પર ધક્કા ખાધા બાદ અમે એક ધોરીમાર્ગ પર પહોંચ્યા અને અમારા જીવમાં જીવ આવ્યો.

અયોધ્યા અને પ્રયાગરાજ (પૂર્વકાળમાં અલાહાબાદ)ને જોડતો આ હાઈવે ઘણો સારો છે અને અમે ચાર કલાકમાં શ્રૃંગવેરપુર પહોંચી ગયા. શ્રૃંગવેરપુર પ્રયાગરાજથી 30 કિલોમીટરના અંતરે છે અને અહીં ઘણી અવરજવર છે. નદી પર નવો ઘાટ બનાવવામાં આવી રહ્યો છે અને ત્યાં ક્રેન, ટ્રક અને ડમ્પરો ગડગડાટ કરતાં કરતાં કામે લાગેલાં છે. જે સ્થળે અમે કારમાંથી નીચે ઊતર્યા ત્યાં નજીક જ અમને એક પૂજારી હાથ જોડીને ઊભા રહેલા જોવા મળ્યા. તેઓ મોટી-મોટી મૂછો ધરાવતા મજબૂત માણસ છે, જે પૂજારી જેવા ઓછા અને ડાકુ જેવા વધુ દેખાય છે. તે અમને શ્રૃંગવેરપુર બતાવવા તરત જ તૈયાર થઈ થયા. સ્થાનિક રીતભાત મુજબ, તે અમને લાકડાના ખાટલા પર બેસાડીને કુલડીની ચા પીવડાવે છે. પૂજારી મણિપ્રસાદ તેમની વાર્તા શરૂ કરે છેઃ

> આપણે જે મંદિર પરિસરમાં બેઠા છીએ તે ઋષિ ઋષ્યશૃંગનું છે - એવા ઋષિના જેમના માથા પર શિંગડું હતુંઃ
>
> ઋષ્યશ્રૃંગ વિભાંડક ઋષિ અને અપ્સરા ઉર્વશીનો પુત્ર હતો. તેમના પિતા, બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા તોડ્યા પછી અપરાધભાવથી ઘેરાયેલા, પોતાના પુત્રને લઈને નીકળી ગયા અને એક ગાઢ જંગલમાં પુત્રનું પાલનપોષણ કર્યું. ત્યાં તે બાળકે કઠોર તપસ્યા કરી જેનાથી એટલી ગરમી ઉત્પન્ન થઈ કે રાજા રોમપદના સમગ્ર રાજ્યમાં ભયંકર દુકાળ પડ્યો.
>
> રોમપદ પોતાના ગુરુ પાસે ગયા અને વિનંતી કરીને કહ્યું કે, 'કૃપા કરીને મને આ સમસ્યાનો ઉકેલ જણાવો. અમારા રાજ્યમાં આવો દુકાળ ક્યારેય પડ્યો નથી.'
>
> 'આ તો ઋષ્યશૃંગની તપસ્યાથી ઉત્પન્ન થયેલી ગરમીનું પરિણામ છે.' ગુરુએ જવાબ આપ્યો. 'તેમને માનવજીવનમાં પાછા લઈ આવો, જેથી તેમની ઊર્જા નીકળી જાય. તે પછી ચોક્કસપણે વરસાદ પડશે.'
>
> રાજા રોમપદે ઋષ્યશૃંગને આકર્ષવા માટે દેવદાસીઓને જંગલમાં મોકલી, જ્યાં તેમણે ઋષ્યશૃંગ અને તેમના પિતા વિભાંડકના આશ્રમની નજીક પડાવ નાખ્યો. એક વાર જ્યારે વિભાંડક

કોઈ કામ માટે આશ્રમની બહાર ગયા હતા ત્યારે તક મળતાં જ દેવદાસીઓ આશ્રમમાં આવી પહોંચી. ઋષ્યશૃંગે પોતાના જીવનમાં ક્યારેય કોઈ સ્ત્રી જોઈ નહોતી. તે તેમની તરફ આકર્ષાયા અને તેમની સાથે રોમપદની રાજધાનીમાં આવવા માટે સંમત થઈ ગયા. ત્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું અને રોમપદે તેમની પુત્રી શાંતાનો હાથ ઋષ્યશૃંગને સોંપ્યો. ઋષિ ગૃહસ્થ જીવનમાં વ્યસ્ત થઈ ગયા અને રોમપદના રાજ્યમાં વરસાદ પડ્યો.

'આ એ જ ઋષ્યશૃંગ છે જેમણે પુત્રકામેષ્ટિ યજ્ઞ કર્યો હતો જેના પરિણામે રાજા દશરથની ત્રણ પત્નીઓ ગર્ભવતી થઈ અને રામ, લક્ષ્મણ, ભરત તથા શત્રુઘ્નને જન્મ આપ્યો.' પૂજારી કહે છે.

'જ્યારે રાજા દશરથ ઋષ્યશૃંગને યજ્ઞ કરવા માટે આમંત્રિત કરવા આવ્યા, ત્યારે રોમપદે તેમને કહ્યું કે દશરથ જ શાંતાના જૈવિક પિતા છે અને તેથી તેઓ જ તેમના સાચા સસરા છે.'

'આનો મતલબ, શાંતા રામની મોટી બહેન છે?' અમે પૂછ્યું. તેમણે હકારમાં માથું હલાવ્યું અને અમને કહ્યું કે રોમપદ દશરથના નજીકના મિત્ર હતા અને તેથી દશરથે તેમનું પહેલું સંતાન તેમને આપ્યું, કારણ કે તે નિઃસંતાન હતા.

પછી અમે તેમને રામની યાત્રામાં આ સ્થાનના મહત્ત્વ વિશે પૂછ્યું.

'આ એ જ સ્થળ છે જ્યાં ખલાસીઓના રાજા નિષાદરાજે પાંચ હજાર શિકારીઓ સાથે રાજવી પરિવારની રક્ષા કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.'

પૂજારી અમારા આશ્ચર્યચકિત ચહેરા જોઈને હસ્યા. અમને એ સાંભળીને ખૂબ જ આશ્ચર્ય થયું કે નિષાદરાજ માત્ર ખલાસી કે ખલાસીઓનો નાયક જ નહીં, પણ એક શક્તિશાળી કુળનો રાજા પણ હતો.